# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 31-05-2024 Morning : 7.45 to 7.55
Day : Friday National News

**આકાશવાણી સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.**

****************************************************

- ✓ લોકસભા ચૂંટણીના અંતિમ તબક્કામાં આવતીકાલે 7 રાજ્યો અને 1 કેન્દ્રશાસિત પ્રદેશની 57 બેઠકો માટે મતદાન થશે.
- ✓ કેન્દ્ર સરકારે સેવા નિવૃત્તિ ગ્રેચ્યૂટી અને મૃત્યુ ગ્રેચ્યૂટીની મહત્તમ મર્યાદા 20 લાખથી વધારીને 25 લાખ રૂપિયા કરી.
- ✓ યૌન શોષણ કેસમાં જેડીએસના પૂર્વ સાંસદ પ્રજ્વલ રેવન્નાની બેંગલુરુ એરપોર્ટ પરથી ધરપકડ, SIT દ્વારા આજે કોર્ટમા રજૂ કરાશે
- ✓ જમ્મૂ કાશ્મીરમાં થયેલી બસ દુર્ઘટનામાં મૃત્યુઆંક વધીને 22 થયો. - મૃતકોના પરિવારજનોને 2 લાખ, જ્યારે ઇજાગ્રસ્તોને 50 હજારની સહાય જાહેર.
- ✓ નૈઋત્ય ચોમાસને પગલે કેરળ અને પૂર્વોત્તર રાજ્યોમાં ભારે વરસાદ, જ્યારે ઉત્તર અને મધ્ય ભારતના કેટલાંક ભાગોમાં હિટવેવની આગાહી.

***********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# ELECTION- 7TH PHASE

લોકસભાની યોજાનારી સાતમા અને આખરી તબક્કાની ચૂંટણીમાં 57 બેઠકો માટે આવતીકાલે મતદાન થશે અને આ બેઠકો માટેના જાહેર પ્રચારની અવધિ પૂર્ણ થઈ છે.

7 રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની લોકસભાની 57 બેઠકો માટે આવતીકાલે મતદાન થશે, જેમાં ઉત્તરપ્રદેશ અને પંજાબની 13-13, પશ્ચિમ બંગાળની 9, બિહારની 8, ઓડિશાની 6, હિમાચલપ્રદેશની 4, ઝારખંડની 3 અને કેન્દ્રશાસિત પ્રદેશ ચંડીગઢની એક બેઠકનો સમાવેશ થાય છે.

લોકસભાની 57 બેઠકો માટે 904 ઉમેદવારો ચૂંટણી જંગમાં છે. આ ઉપરાંત ઓડિશા વિધાનસભાની ચૂંટણી માટે પણ આવતીકાલે મતદાન થશે. લોકસભાની બધી જ બેઠકોની મતગણતરી આગામી ચોથી જૂને હાથ ધરાશે.

.............................................

# GRATUITY

સરકારે સેવા નિવૃત્તિ ગ્રેચ્યૂટી અને મૃત્યુ ગ્રેચ્યૂટીની મહત્તમ મર્યાદા 20 લાખથી વધારીને 25 લાખ રૂપિયા કરી દીધી છે. કર્મચારી, લોક ફરિયાદ અને પેન્શન મંત્રાલયે આ વિશે સત્તાવાર જાહેરાત કરી છે. જેમાં કહેવાયું છે કે, સંશોધીત મર્યાદા પહેલી જાન્યુઆરી, 2024થી લાગુ થશે.

.............................................

# PRAJWAL ARRESTED

યૌન શોષણના કેસમાં આરોપોનો સામનો કરી રહેલા કર્ણાટકના સાંસદ પ્રજ્વલ રેવન્નાની સવારે બેંગલુરુ આંતરરાષ્ટ્રીય હવાઈ મથકેથી ધરપકડ કરાઈ છે.

ઇન્ટરપોલ દ્વારા તેમના આગમનની માહિતી મળતા કર્ણાટક પોલીસની વિશેષ તપાસ ટીમે બેંગલુરુ પોલીસ સાથે મળીને હવાઈ મથકે જ તેમને પકડી લીધા હતા. રવેન્નાએ તેમના ઘરમાં કામ કરતી એક મહિલાનું યૌન શોષણ કરવા તેમજ ધમકી આપવાનો આરોપો મામલે વિશેષ તપાસ ટીમના સવાલોનો જવાબ આપવા પડી શકે છે. જનતા દળ–સેક્યુલર JDSમાંથી બરતરફ કરાયેલા રેવન્નાએ હાસન લોકસભા બેઠક પર મતદાનના એક દિવસ બાદ એટલે કે 27મી એપ્રિલે દેશ છોડી દીધો હતો.

.................................................

# JAMMU KASHMIR ACCIDENT

જમ્મૂ કાશ્મીરમાં ગઈકાલે થયેલી બસ દુર્ઘટનામાં મૃતકઆંક વધીને 22 થયો છે. ઉત્તર પ્રદેશ અને રાજસ્થાન મૂળના શ્રદ્ધાળુઓ તીર્થયાત્રા માટે રિયાસી જિલ્લાના શિવખોરી તરફ જઈ રહ્યા હતા, એ સમયે બસ ઉંડી ખીણમાં પડતા દુર્ઘટના સર્જાઈ હતી. દુર્ઘટનામાં 69 લોકોને ગંભીર ઈજા થવા પામી હતી. ઘાયલોને પહેલા અખનૂર અને બાદમાં ગંભીર રીતે ઘવાયેલા લોકોને જમ્મૂ મોકલવામાં આવ્યા હતા. જમ્મૂ જિલ્લા મેજિસ્ટ્રેટે દુર્ઘટના મામલે તપાસના આદેશ આપ્યા છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મૃતકોના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. પ્રધાનમંત્રી મોદીએ મૃતકના પરિવારજનોને બે લાખ રૂપિયા, જ્યારે ઇજાગ્રસ્તોને 50 હજારની સહાય જાહેર કરી હતી.

...............................................

# IMD WEATHER

ભારતીય હવામાન વિભાગે દસ જેટલા રાજ્યોમાં ગરમીનું મોજું ફરી વળવાની શક્યતા વ્યક્ત કરી છે. બિહાર, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, દિલ્હી, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ રાજસ્થાન, મધ્યપ્રદેશ, તેમજ ઓડિશાના કેટલાક ભાગોમાં યલો અલર્ટ જાહેર કરાયું છે,

બીજીતરફ ઉત્તર પૂર્વીય રાજ્યોમાં ભારે વરસાદની શક્યતા છે. આજે અને આવતીકાલે અરૂણાચલ પ્રદેશ, અસમ, મેઘાલય, મણિપુર તેમજ પશ્ચિમ બંગાળના તટિય વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે.

નૈઋત્ય ચોમાસુ હાલ કેરળ અને ઉત્તર પૂર્વના ભાગો તરફ આગળ વધી રહ્યું છે. જેને કારણે કેરળમાં ચોથી જૂન સુધી ભારે વરસાદની આગાહી છે. ઉપરાંત આંદમાન નિકોબાર ટાપુ, તમિલનાડુ તેમજ કર્ણાટકમાં આગામી ત્રણથી ચાર દિવસમાં ભારે વરસાદ વરસી શકે છે.

...............................................

# PM KAVYAKUMARI

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગઈકાલે કન્યાકુમારી પહોંચ્યા હતા. સાંજે તેમણે વિવેકાનંદ સ્મારક પર ધ્યાન શરૂ કર્યું હતું.

શ્રી મોદીએ તટિય શહેરમાં ભગવતી અમ્મન મંદિરમાં પૂજા – અર્ચના કરી હતી. બાદમાં તેઓ બંગાળની ખાડી સ્થિત વિવેકાનંદ સ્મારક પહોંચ્યા અને ધ્યાન કર્યું હતું. તેઓ અહીં પહેલી જૂન સુધી ધ્યાન કરશે. તેમની ઉપસ્થિતિને જોતા આ વિસ્તારમાં ભારે સુરક્ષા બંદોબસ્ત ગોઠવાયો હતો.

..............................................

# MID BREAK- NEWS- REGIONAL

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABADને ફોલૉ કરી શકો છો...

................................................

# MANIPUR FLOOD

મણીપુરમાં પૂરને પગલે જનજીવન ઠપ્પ થયું છે. ઇમ્ફાલ શહેરમાં સૌથી વધારે અસર થઈ છે.

શહેરને જોડતા મોટા ભાગના રસ્તાઓ પાણીમાં ગરકાવ થયા છે. મણીપુર પોલીસ, સેના અને અસમ રાઇફલ્સ ઉપરાંત એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમો બચાવ કામગીરીમાં જોડાયેલી છે. અંદાજે 800 લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડાયા છે. પૂર અસરગ્રસ્ત વિસ્તારો માટે જિલ્લામાં ત્રણ હંગામી શિબિરો શરૂ કરાયા હતા. રાજ્ય સરકારે સ્થિતને જોતા બે દિવસ માટે જાહેર એકમો, સ્વાયત્ત એકમો અને નાણાકીય સંસ્થાઓ સહિત તમામ સરકારી ઓફિસમાં રજા જાહેર કરી હતી. દરમિયાન હવામાન વિભાગે આગામી બે દિવસમાં મણીપુરના મોટાભાગના જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી કરી છે.

...............................................

# RBI-ANNUAL REPORT-GDP GROWTH

ભારતીય રિઝર્વ બેંકે ચાલુ નાણાંકીય વર્ષમાં દેશના જીડીપીનો વિકાસદર 7 ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો છે. પોતાના વાર્ષિક અહેવાલમાં રિઝર્વ બેંકે જણાવ્યું છે કે, વર્ષ 2024માં ભારતનું અર્થતંત્ર ઝડપથી વિકાસ પામ્યું છે અને અગાઉના વર્ષની સરખામણીએ જીડીપીનો વિકાસદર વધીને 7.6 ટકા થયો છે.

અહેવાલમાં જણાવ્યું છે કે, બૃહદ આર્થિક ફંડામેન્ટલ્સ મજબૂત બન્યા છે તેમજ કોર્પોરેટ સેક્ટરની કામગીરી મજબૂત બની હોવાથી ભારતીય અર્થતંત્રનું ભાવિ ઉજ્જવળ છે. ઉલ્લેખનીય છે કે, ગત 22મી મેના રોજ રિઝર્વ બેંકના સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટરોએ વર્ષ 2023-24 માટે 2.11 લાખ કરોડ રૂપિયા સરકારને આપવાની મંજૂરી આપી હતી.

..............................................

# CEC-VOTING RUMOURS

કેન્દ્રીય ચૂંટણીપંચે મતદાનની ટકાવારીમાં વધારો થયો હોવાની અફવાઓને ભારપૂર્વક રદિયો આપ્યો છે.

મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવ કુમારે જણાવ્યું છે કે, મતદાનનો રેકોર્ડ ધરાવતી ફોર્મ 17-સી ની કોપી ઉમેદવારો અને એજન્ટોને આપવામાં આવતી હોવાથી મતદાનની ટકાવારીમાં વધારો કરવો શક્ય નથી. તેમણે વધુમાં કહ્યું કે, મતદાનની અને ઇવીએમની માહિતી ચૂંટણી પંચે સત્તાવાર વેબસાઇટ ઉપર મૂકી છે.

..............................................

# INDIA ELECTRYCITY

ભારતે વીજળી ઉત્પાદન ક્ષેત્રે મહત્વપૂર્ણ સિદ્ધી હાસલ કરતા ગઈકાલે 250 ગીગા વૉટની વિક્રમજનક વીજળીની માગ પૂરી કરી છે. ગરમી તેમજ વધતી ઔદ્યોગિક અને આવાસીય માગને જોતા વીજળીની માગ સતત વધી છે.

દેશના ઉત્તરીય ભાગોમાં ગઈકાલે 86.7 ગીગા વૉટ માગ પૂરી કરવામાં આવી, જે અત્યાર સૌધીમાં સૌથી વધારે હતી. પશ્ચિમી ભાગોમાં 74.8 ગીગા વૉટ વીજળી પૂરી પાડવામાં આવી.  આ ઉપરાંત તાપ વિદ્યુત ઉત્પાદન સર્વોચ્ચ સપાટીએ 176 ગીગા વૉટ પર પહોંચ્યું છે. જેમાં બિન સૌરઊર્જાનો સમાવેશ થાય છે.

વિદ્યુત મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે, વીજળી ઉત્પાદનમાં વધારો એ દેશના વીજળી એકમોની યોગ્ય ક્ષમતા અને સંચાલનને દર્શાવે છે.

.............................................

# BOXING - OLYMPIC-QUALIFICATION

ભારતના સચિન સિવાચે થાઇલેન્ડના બેંગકોંકમાં યોજાઇ રહેલ વિશ્વ બોક્સિંગ ક્વોલિફિકેશન સ્પર્ધાના ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

સ્પર્ધાની પ્રી-ક્વાર્ટર ફાઇનલ મેચમાં સચિને તુર્કીના બટુહાન સિફ્ટસીને પરાજય આપ્યો હતો. પેરિસમાં યોજાનારી ઓલિમ્પિક સ્પર્ધામાં સ્થાન મેળવવા સચિન સિવાચને હજુ બે વિજય મેળવવાની જરૂર છે.

.............................................

# SQUASH-QUARTERS

ભારતની રતિકા સીલને હોંગકોંગમાં યોજાઇ રહેલ પીએસએ ચેલેન્જ કપ સ્ક્વેશ સ્પર્ધાની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

છઠ્ઠો ક્રમાંક ધરાવતી ભારતની રતિકાએ પ્રી- ક્વાર્ટર ફાઇનલમાં હોંગકોંગની કા હ્યુઅન લેઉંગને ૩-2થી પરાજય આપીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ ક્ર્યો છે. ક્વાર્ટર ફાઇનલમાં રતિકા અને ત્રીજો ક્રમાંક ધરાવતી સહવીત્રા કુમાર વચ્ચે મુકાબલો થશે.

.............................................

# NORWAY CHESS

નોર્વે ચેસ ટુર્નામેન્ટમાં ભારતના વૈશાલી રમેશબાબૂએ મહિલાઓની શ્રેણીમાં લીડ જાળવી રાખી છે.

વૈશાલીએ ચોથા રાઉન્ડમાં સ્વીડનના ગ્રેન્ડ માસ્ટર પિયા કૈમ્પલિંગ વિરુદ્ધ ROOK END GAMEમાં જીત મેળવીને અઢી અંકોની બઢત મેળવી છે. ઑપન સેક્સન ચેસમાં અમેરિકી ગ્રાન્ડ માસ્ટર હિકારૂ નાકામુરા ભારતના રમેશબાબૂ પ્રજ્ઞાનંદાને હરાવીને ટોચ પર પહોંચી ગયા છે. અન્ય એક ખેલમાં વિશ્વના પ્રથમ ક્રમાંકના ખએલાડી મેગ્સન કાર્લસને ફૈબિયાનો કારૂઆનાને કરાવ્યા, જ્યારે કે અલીરેજા ફિરોઝાએ વિશ્વ ચેમ્પિયન ડિંગ લિરેન વિરુદ્ધ સરળતાથી જીત હાંસલ કરી હતી.

...............................................

# SINGAPOR OPEN

સિંગાપોર ઑપન બેડમિન્ટન ટુર્નામેન્ટમાં પીવી સિંધુએ મહિલા સિંગલ્સ પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં રોમાંચક મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો.

પીવી સિંધુએ પ્રાથમિક રમતમાં જીત બાદ અંતિમ રાઉન્ડમાં 18-15થી લીડ મેળવી, પરંતુ તેને જીતમાં ન ફરેવી શક્યા અને સ્પેનની ખેલાડી સામે પરાજય થયા. સ્પેનના મારિન સામે સિંધુનો આ સતત છઠ્ઠો પરાજય છે.

...............................................